

## ટીંટોડીએ જમીન પર ઈંડા મુક્યા

ટીંટોડીના પ્રજનનનો સમય આમ તો માર્ચ-એપ્રિલ માસ ગણાતો હોય છે. ખેડૂતો ટીંટોડીના ઈંડા પરથી આવનાર વર્ષાનો વરસાદ કેવો રહેશે તેનું અનુમાન કરતા હોય છે. ત્યારે મોડાસા તાલુકાના જીતપુર ગામના અશ્વિનભાઈ પટેલના ખેતરમાં ટીંટોડીએ જમીન પર ઈંડા મુક્યા છે. જો ટીંટોડી નીચે જમીન પર ઈંડા મુકે તો વરસાદ અનિયમિત અને ઓછા પ્રમાણમાં થાય જયારે ટેકરાવાળી જગ્યા પર મુકે તો વરસાદ વધુ પ્રમાણમાં થાય તેવું અનુમાન ખેડૂતો લગાવતાં હોય છે.

# અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ડેન્ગ્યુ-કમળાની બિમારીમાં સપડાયા

## બાયડ તાલુકામાં ૭ ડેન્ગ્યુ અને ૯ કમળા રોગના દર્દીઓ મળી આવતાં હાહાકાર

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લાના પ્રજાજનો એક તરફ આગ ઓકતી ગરમીથી પ્રજા ત્રાહીમામ પોકારી ઊઠી છે. બીજી તરફ જિલ્લાના પ્રજાજનો પાણીજન્ય અને મચ્છરોના ઉપદ્રવથી ગંભીર બિમારીમાં સપડાતા જિલ્લાના પ્રજાજનોના આરોગ્ય સામે ખતરો ઊભો થતા લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ૩ દિવસ પહેલા કમળાના એક જ વિસ્તારમાંથી ૧૫ કેસ નોંધાયા હતા. ત્યારે બાયડ તાલુકામાં કમળાના ૯ અને ડેન્ગ્યુના ૭ દર્દીઓ મળી આવતા જિલ્લા આરોગ્ય તંત્ર સાબદુ બની ગયું છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બાયડ તાલુકામા સઘન તપાસ હાથ ધરી કમળો ફેલાતો અટકાવવા અને મચ્છર ઉત્પત્તિ સ્થાનો ફોગીંગ પ્રક્રિયા હાથ ધરી નક્કર કાર્યવાહી કરે તેવી જિલ્લાના પ્રજાજનોની માંગ પ્રબળ બની છે.

બાયડ તાલુકામાં કમળા અને ડેન્ગ્યુ જેવી ગંભીર મહામારી બિમારીના પંજામાં સપડાઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે બાયડ તાલુકામાં પાણીજન્ય રોગ અને મચ્છરોના ઉપદ્રવથી કમળાના ૯ અને ડેન્ગ્યુના ૭ કેસ મળી આવ્યા હતા. ગંભીર બિમારીમાં સપડાયેલા તમામ લોકોએ બાયડની ત્રણ ખાનગી હોસ્પિટલમાં મોંઘીદાટ સારવાર લેવાની ફરજ પડી રહી છે. બાયડ તાલુકામાં ગરમીથી રાહત મેળવવા પ્રજાજનો ઠંડા પાણી તેમજ કેરીનો રસ, શેરડીનો રસ તેમજ બરફગોળા દ્વારા પ્રતિકાર કરી રહ્યા છે. પરંતુ ગરમીથી થતો પ્રતિકાર તેમના માટે આફતરુપ નિવડ્યો હોય તેમ દૂષિત પાણી અને બગડેલા ફળફળાદીના બિનઆરોગ્યપ્રદ પ્રવાહીથી કમળાની ગંભીર બિમારીમાં સપડાયા હોવાનું પ્રાથમિક તારણો અનુસાર જાણવા મળી રહ્યું છે. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં એડીસ મચ્છરોનો ઉપદ્રવથી ૭ જેટલા લોકોને ડેન્ગ્યુ જેવી ગંભીર બિમારી લાગુ પડતા તાવમાં પટકાયા હતા. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ અને બાયડ આરોગ્ય તંત્ર દ્વારા તાલુકા મથક અને ગ્રામ્ય વિસ્તારોમાં વેચાતા બિનઆરોગ્યપ્રદ ઠંડા પીણા અને તેની બનાવટો વેચતા વેપારીઓ અને ફેરિયાઓ સામે સખ્ત કાર્યવાહી હાથ ધરી જે વિસ્તારમાંથી કમળા અને ડેન્ગ્યુના કેસો મળી આવ્યા છે તે વિસ્તારોમાં ઘરે ઘરે સર્વે હાથ ધરી કમળો અને ડેન્ગ્યુ ફેલાતો અટકાવવા પ્રીવેન્સનની કામગીરી હાથ ધરવામાં આવે તદઉપરાંત પાણી ભરાતા ખાબોચીયા અને ઘરોમાં ભરાઈ રહેલા પાણીના ખાબોચીયાઓમાં લોકભાગીદારીથી ફોગીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લોકોની પ્રબળ માંગ ઊઠી છે. તેમજ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગો અટકાવવા કેવા પ્રકારની કાળજી લેવી પડે તે માટે જનજાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યાં છે.





# પાલનપુરની ભૂગર્ભ ગટરના પાણી નિકાલની જગ્યામાં આવાસ યોજનાનું કામ તંત્રે હાથ ધરતાં ભારે રોષ

### ગંદુ પાણી ઑક્સીડેશન પોન્ડને બદલે માન સરોવરમાં ઠાલવતા રોષ : મ્યુ. સભ્ય અમૃત જોષી કલેકટરને આ બાંધકામ બંધ કરાવવા લેખીત માંગણી

પાલનપુર, તા.૨૨

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરની ભાજપ શાસિત નગરપાલિકા દ્વારા સર્વે નં. ૮૫માં સદરપુરની જમીન કે જયાં છેલ્લાં ૩૦ વર્ષથી શહેરની ભૂગર્ભ ગટરના ગંદા પાણીના નિકાલનો ઓક્સીડેશન પોન્ડ કાર્યરત છે. ત્યાં જ આવાસ યોજનાના મકાનો બાંધવા ઠરાવ કરી વળી ત્યાં આ જમીન પર ગંદા પાણીનો નિકાલની જગ્યાએ કોઈ જ ઉલ્લેખ ના કરી તમામ નિયમોનો છેદ ઉડાડી દેવાતાં કોંગ્રેસના નગરપાલિકાના સદસ્ય અમૃત જોષી (દાઢી)એ આજે કલેકટરને તાકીદે આ અંગે કાયદેસર બાંધકામ બંધ કરાવવા લેખિતમાં માંગણી કરતાં શહેરમાં ભારે ચકચાર મચી છે.

વળી, નગરપાલિકા સત્તાધીશોની રહેમ નજરથી ઉપરોક્ત જગ્યાએ કે જયાં ગંદા પાણીનો નિકાલ માનસરોવર તળાવ કે જેને સ્વચ્છ કરવા શહેરીજનો ઈચ્છી રહ્યા છે ત્યાં ભૂગર્ભ ગટરના ગંદા પાણીનો બિંદાસ્ત નિકાલ કરી ગંદુ પાણી તંત્ર દ્વારા તળાવમાં નિકાલ કરાતાં શહેરજીનોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. દરરોજનું પાંચ લાખ લિટર પાણી પંપીગ કરી નિકાલ કરાઈ રહ્યું છે. ઉપરોક્ત જગ્યામાં આવાસ બાંધકામનો ઠરાવ ગત તા. ૧૯-૧-૧૬ના બોર્ડમાં કોઈ પણ ચર્ચા વગર મનસ્વી રીતે બહુમતિએ મંજૂર કરી ઓક્સીડેશન પોન્ડમાં આવાસ યોજવાનું બાંધકામ ચાલુ થયેલ તે તાકીદે બંધ કરી અન્યત્ર કરવા ઉગ્ર રજૂઆત અમૃત જોષીએ કરી છે.



## મોડાસામાં લીંબુના ઓછા ઉત્પાદનથી ચાલુ વર્ષે ભાવમાં ઉછાળો

ઉનાળામાં પાણી બાદ જો સૌથી વિધારે ડિમાન્ડ હોય તો તે લીંબુની છે પરંતુ ચાલુ વર્ષે લીંબુની ખેતીમાં ખેડૂતોને ધાર્યું ઉત્પાદન ન મળવાના કારણે આ વર્ષે લીંબુના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડવાની સાથે લીંબુની માંગમાં પણ વધારો જોવા મળ્યો છે. હાલ ગરમીએ માઝા મુકી છે ત્યારે લોકો ગરમી સામે રક્ષણ મેળવવા માટે લીંબુ શરબતનો ખાસ ઉપયોગ કરતા હોય છે પરંતુ ગરમીનો પારો વધવાની સાથે સાથે લીંબુના ભાવમાં પણ વધારે જોવા મળ્યો છે. જેના લીધે લીંબુ શરતબનો ગ્લાસ પણ મોંઘો બન્યો છે. ચાલુ વર્ષે વાતાવરણના અણધાર્યો પલટો અને લીંબુની ઓછા પ્રમાણમાં થયેલી ખેતીને લીધે લીંબુના ભાવોમાં વધારો થઈ રહ્યો છે. હાલ બજારોમાં લીંબુનો ભાવ કિલોએ ૮૦ થી ૧૦૦ની આસપાસ થઈ ગયો હોવા છતાં પણ ગરમીથી બચવા માટે લોકોએ મોંઘા ભાવે લીંબુ ખરીદવાનો વારો આવ્યો છે.

# આર એન્ડ બી ડિપાર્ટમેન્ટ અને નગરપાલિકા દ્વારા બાયડમાં દબાણો દુર કરવામાં આવ્યા

બાયડ, તા.૨૨

બાયડ નગરમાં અસહ્ય ટ્રાફીક સમસ્યાને કારણે અનેક લોકોના અકસ્માતમાં મોત નિપજ્યા હતાં અને ભવિષ્યમાં પણ આવી પરિસ્થિતિને કાબુમાં રાખવા માટે સફાળું તંત્ર આખરે જાગ્યું છે.

સફાળુ તંત્ર માત્ર ને માત્ર બે-ત્રણ ચાની લારીઓવાળાને ખસેડી અને મલ્હાર હોસ્પિટલ આગળથી વોડાફોન સ્ટોર આગળ સુધી દબાણ દુર કરી હાશ માન્યો હતો. આ સફાળું તંત્ર આખરે તમામ બાયડ નગરમાં દબાણ કયારે દૂર કરશે?

બાયડ પોલીસ સ્ટેશનથી જીઈબી બોર્ડ અને બસ સ્ટેન્ડથી રેલ્વે ફાટક સુધી અનેક લોકો દ્વારા દબાણો કરવામાં આવ્યા છે. તે સત્વરે દબાણો દૂર કરી બાયડના તમામ રસ્તાઓ ખુલ્લા કરવામાં આવે તો બાયડ નગરમાં અકસ્માત સર્જાવવાના કારણો ઓછા થશે તેવું બનશે ખરુ પણ બાયડ નગરમાં બાયપાસ માટે ગુજરાત સરકાર મંજૂરી આપે તો અકસ્માત ન સર્જાય તેવું ચિત્ર આગામી સમયમાં બાયપાસ આવશે તો દેખાશે.

આગામી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખી સત્વરે સરકાર બાયપાસ માટે પગલાં ભરે, નહીં તો પ્રજાજનોનો મિજાજ કંઈક અલગ પ્રકારનો જોવા મળી રહ્યો છે.

આર એન્ડ બી ડિપાર્ટમેન્ટમાં બાયડ નગરના એક જાગૃત વ્યક્તિની અરજી છેલ્લા કેટલાંય સમયથી પડી હતી. આખરે આ અરજી ઉપર સફાળા તંત્રમાં નજરમાં તો આવી. શું બીજા દબાણો નગરમાંથી હઠશે ખરા?

# મુડશી (માંડલીયા) ગામે પાણીની પાઈપ કાઢી નાખવા બાબતે મારામારી

ઈસરી, તા.૨૨

પ્રાપ્ત વિગત મુજબ ગત ગુરુવારની રાત્રે ૧૨ વાગ્યા પછી ડામોર રણજીતભાઈ ભાથીભાઈ મુડશી (માંડલીયા) ગામે તેમના સુઢીયાના વાવેતર વાળા ખેતરમાં પાણી વાળી રહ્યાં હતા તે દરમિયાન તેમનાં જ કુટુંબી ભાઈ ડામોર સુરેશ ધુળા તેના ઘરેથી લાકડી લઈ રણજીતભાઈ પાસે આવેલો અને કહેવા લાગેલો કે અમારી લાંબી કરેલી પાઈપો કેમ કાઢી નાખી છે અને રણજીતભાઈને મા-બેન સામે ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ રણજીતને જમણા હાથે લાકડી મારી દેતા રણજીત નીચે પડી ગયા એટલામાં ડામોર ધુળા ગેમા તથા ડામોર પુજા ગેમા આવી ગયાં હતા અને સુરેધને ગડદાપાટુનો માર મારવા લાગેલા અને બૂમાબૂમ કરતાં રણજીતનો પરિવાર આવી જતાં ત્યાંથી ત્રણે આરોપીઓ ભાગી છૂટ્યા હતા. જે બાબતે રણજીત ભાથીએ મેઘરજ પોલીસ સ્ટેશને આરોપીઓ : (૧) સુરેશ ધુળા ડામોર (૨) પુજા ગેમા ડામોર (૩) ડામોર ધુળા ગેમા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# ઊંઝા નગરે ઉમિયા માતાની ભવ્ય નગરચર્યા

ઊંઝા, તા.૨૨

ઊંઝા શહેરમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પરપંરાગત રીતે કડવા પારીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. વૈશાખ સુદ પૂનમના રોજ સવારે ૮.૩૦ કલાકે દબદબા પૂર્વક ભારે હર્ષોલ્લાસ અને માના ગુણગાન સાથે નીજ મંદિરેથી ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ઘણી મોટી સંખ્યામાં માઈભક્તોએ જોડાઈને મા ઉમિયાના જયઘોષ થકી સમગ્ર વાતાવરણને ગુંજવી દીધું હતું.

સવારે માતાજીના નીજ મંદિરથી ચાંદીના રથમાં મા ઉમાની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો જોડાતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. માતાજીના નીજ મંદિરેથી નીકળેલ આ યાત્રા શહેરના વિવિધ માર્ગો તરફ પ્રયાણ કરી લાલ દરવાજા, વડેચી માતા, બહાર માઢ, ખજુરી પોળ, ચબુતરા, કોટકુવા, છીંપાવાડ, સ્વામીનારાયણ મંદિર, વાડીપરુ, રામબાગ, બાળોજમાતા, ગંજબજારમાં થઈને ગાંધીચોક, સટ્ટાહોલ, આઝાદચોક, ડબગરની પીંપળ, ખારાકુવા થઈ માતાજીના નીજ મંદિરે પરત પહોંચી હતી.

આ નગરયાત્રામાં શ્રી માતાજીના રથની સાથે હાથી-ઘોડા, બગીઓ, સ્કૂટર અને મોટર સાયકલ સવારો, મોટરકારો, ટેબ્લો, બેન્ડવાજા, ધ્વજપતાકા, મૂન વોકર વિવિધ નૃત્યો વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. જેમાં બગી, ટ્રેકટર અને જીપ, ઘોડાઓને સોળે કળાએ સજાવવામાં આવ્યા હતા. રામ, લક્ષ્મણ, હનુમાનનો વેશ ધારણ કરી બાળખોને સત્યુગના દર્શન કરાવ્યા હતા. આ નગરયાત્રામાં શહેરીજનો તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. નગરયાત્રામાં શહેરના યુવક મંડળો, ભક્ત મંડળો, મહિલા ભક્ત મંડળો જોડાયા હતા. નગરયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકભક્તજનો જોડાવવાથી રાજમાર્ગો પર લાંબી કતારો જામી હતી.

આ યાત્રા ગંજબજારમાંથી નીજી મંદિરે પરત ફરી હતી ત્યારે શહેરનો મુખ્ય માર્ગ ઉપર શ્રદ્ધાળુઓએ 'બોલ મારી ઉમિયા જય જય ઉમિયા'નો જય ઘોષ સતત જારી રાખ્યો હતો. ત્યારે બે ઘડી ભક્તિનો માહોલ સર્જાયો હતો. અસહ્ય ગરમી હોવા છતાં એક લાખ ઉપરાંત જનસંખ્યામાં ભાવિક ભક્તો ઊમટી પડ્યા હતા. સેવાભાવી સંસ્થાઓ દ્વારા શરબત, ઠંડા પાણીના પાઉચની સુવિધા પુરી પાડવામાં આવી હતી. આ નગરયાત્રા નિમિત્તે, માતાજીના પાવન દિવસે દરેક નગરજનોએ ઘેર ઘેર ઉજાણી માનવી અને ઘરના દ્વારે આસોપાલવના તોરણ બાંધી સમગ્ર ઉત્સવને ઉત્સાહથી દિપાવ્યો હતો. નગરયાત્રાને પગલે શહેરના મુખ્ય માર્ગો પર ધજાપતાકાઓથી શણગારવામાં આવ્યા હતા. સમગ્ર નગરયાત્રાનું આયોજન ઉમિયામાતા સંસ્થાન ઊંઝા અને ઉમા માઈમંડળના સભ્યોના સહયોગથી કરાયું હતું.



## હાસલપુરમાં ખોટા દસ્તાવેજથી જમીન વેચતા સાત વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૨

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના હાસલપુર ગામની સીમમાં આવેલા સર્વે નં. ૩૦૬ પૈકીની ૦-૪૦-૪૭ અને ૩૪૬ પૈકીની ૦-૨૯-૩૦ની જમીન ભિલોડા તાલુકાના મલાસાના રહીશને ૨૦૧૪ મા વેચાણ આપ્યા બાદ વિરપુર તેમજ હાસલપુરના સાત શખ્સોએ એકબીજાના મેળાપીપણાથી ખોટા દસ્તાવેજ બનાવી વિશ્વાસઘાત સાથે છેતરપીંડી કરતા મામલો ગરમાયો હતો. જે અંગે ભિલોડાન રહીશે હાસલપુર તેમજ વિરપુરના સાત જણા વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં શુક્રવારે ફરિયાદ નોંધાવતા પોલીસે મામલો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

# કપડવંજ, કઠલાલ, ઠાસરા, ગળતેશ્વર તાલુકામાંથી ગૌરવયાત્રાનો આરંભ

નડિયાદ,તા.૨૨

ગુજરાત સરકાર અને કેન્દ્રની ભાજપની સરકારને બે વર્ષ પૂર્ણ થયા છે. બે વર્ષના સમયમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા યુવાલક્ષી, ખેડૂતલક્ષી, ગરીબલક્ષી અનેક યોજનાઓને સાકાર સ્વરુપ અપાયું છે જેના ઘણાં જ સારા પરિણામો પ્રાપ્ત થયા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સ્વ.દિનદયાળજીના એકાત્વ માનવવાદના સિદ્ધાંત-ધ્યેયને અનુલક્ષીને ભાજપ દ્વારા આગામી દિવસોમાં વિશાળ જનાધારને જાગૃત કરીને ભાજપમાં જોડવા સમગ્ર દેશમાં વિકાસ ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગસ્વરુપે ખેડા સંસદીય મતવિસ્તારમાં પણ આ ગૌરવ વિકાસ યાત્રા તા.૨૨મીથી ૨૭ મે દરમ્યાન યોજાશે.

જેમાં ભાજપના તમામ કાર્યકરો, પદાધિકારીઓએ જોડાઈને યાત્રાને સફળ બનાવવા માટે જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહ ચૌહાણ, વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, મહામંત્રીઓ દિપકભાઈ પટેલ, ગોપાલભાઈ શાહ, અર્જુનસિંહ ચૌહાણ દ્વારા જણાવાયું છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના ગતિશીલ ગુજરાત, પ્રગતિશીલ ભારતના સૂત્રને ચરિતાર્થ કરતી આ વિકાસ ગૌરવ યાત્રા તા.૨૨મીએ સવારે ૯ કલાકે આગરવા ગામેથી શરુ થશે જ્યાં સભા બાદ નેશમાં ૧૦ વાગે, ખીજલપુરમાં ૧૧ વાગે, ચેતરસુંબામાં ૧૨ વાગે, પીપલવાડામાં ૪ વાગે, સનાદરા-બલાઢામાં ૫ વાગે, અંગાડીમાં ૬ વાગે પહોંચ્યા બાદ સેવાલિયામાં ૭ વાગે સભા યોજાશે. બીજી તરફ કપડવંજ-કઠલાલ તાલુકામાં પણ તા.૨૨મીએ યાત્રા શરુ થશે. સવારે ૧૦ વાગે બેટાવાડાથી ભુંગડીયા, નવાગામ, ઉકરડીના મુવાડા થઈને ૧૧-૪૫ કલાકે આતરસુંબા પહોંચશે. જ્યાં વિરામ લેશે ત્યારબાદ ૪ વાગે અપ્રુજીથી પુનઃ યાત્રા આરંભાશે. જે છબુજીની મુવાડી, સુરાવત, સરખેજ ચોકડી થઈ છીપડી પાંચ કલાકે પહોંચશે જ્યાં સભા સંબોધાશે. ત્યારબાદ છીપીયાલ, ભરકુંડા ચોકડી, અભ્રીપુર થઈને પીઠાઈ ૭ વાગે યાત્રા આવશે. જ્યાં સભા થશે ત્યારબાદ ખોખરવાડા, શાહપુર થઈને અનારામાં છેલ્લે રાત્રે ભવ્ય સભા યોજાશે. આ કપડવંજ-કઠલાલ તાલુકાની યાત્રાના ઈન્ચાર્જપદે નિલેશભાઈ પટેલ, રાજેશભાઈ શર્મા, પ્રવીણભાઈ ડાભી, લખનભાઈ ડાભી સેવાઓ આપશે. આજ પ્રકારે તા.૨૩મીએ નડિયાદ તાલુકામાં સવારે ૯ વાગે પીપળાતાથી યાત્રા શરુ થશે જે આખડોલ, કેરીઆવી, પીપળાતા, ડુમરાલ, ટુંડેલ થઈ ડભાણ આવી પહોંચશે. જ્યાં ૧૨ વાગે સભા યોજાશે. ત્યારબાદ યાત્રા કમળા, મંજીપુરા, મરીડા, સલુણ થઈને કંજોડા પહોંચશે. જ્યાં ૪ વાગે સભા યોજાશે. ત્યારબાદ ઉત્તરસંડા, ભુમેલ, નરસંડા અને વડતાલ જશે જ્યાં ૫-૪૫ કલાકે સભા થશે. આ સમગ્ર યાત્રાનું સંચાલન સંજયસિંહ મહિડા, વિજયસિંહ છાસટીયા, જયુભા ચુડાસમા અને પ્રભાતસિંહ ઝાલા કરશે. તા.૨૪મીએ વિકાસ ગૌરવયાત્રા મહેમદાવાદ તાલુકામાં યોજાશે. સવારે ૯ વાગે કાચ્છઈથી શરુ થનારી યાત્રા પૂર્વે સભા થશે.



પાલનપુરના નાની બજારમાં વિસ્તારમાં આજે વીજ કરંટનો ભોગ બનેલા એક મુસ્લિમ યુવકને દાઝેલી હાલતમાં પાલનપુર સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. નસરુલ્લા અહેમદભાઈ મનસુરી વીજ ડીપી નીચે ઊભા હતા ત્યારે અચાનક ડીપીના વાયર સાથે કબૂતર અથડાતા વાયરના તણખા ઝરતા નીચે ઉભેલા નસરુલ્લાભાઈ વીજ તણખાથી દાઝી જતા તેમને તાકીદે પાલનપુર સીવીલમાં સારવાર માટે ખસેડાયા હતા. હાલ તેમની હાલત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.